ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૯૭ ટકા

# આજથી સોળ દિવસ શ્રાધ્ધ પક્ષ

## શ્રાધ્ધ કરવાથી મળે છે પિતૃઓના આશીર્વાદ : જે વ્યકિત શ્રાધ્ધ કરે છે તેને બંને લોકમાં સુખ મળે છે

ગાંધીનગર, તા.૧૯

આજથી સોળ દિવસનું શ્રાધ્ધ પક્ષ શરૂ થાય છે, શ્રાધ્ધ ૨૦ તારીખથી ૬ ઓકટોબર આસો મહિનાની અમાસ પર સમાપ્ત થશે. શ્રાધ્ધને મહાલય અથવા પિતૃ પક્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે. શ્રાધ્ધ શબ્દ શ્રધ્ધા પરથી આવ્યો છે, જેનો અર્થ પૂર્વજો માટે શ્રધ્ધાભાવ છે.

શ્રાધ્ધ દરમિયાન આપણે આપણા પૂર્વજોનો જે દાન આપીએ તેને શ્રાધ્ધ કહેવામાં આવે છે. શાસ્ત્રો અનુસાર જેઓ મૃત્યુ પામ્યા છે તે બધા આ દિવસો દરમિયાન તેમના સૂક્ષ્મ સ્વરૂપ સાથે પૃથ્વી પર આવે છે અને તેમના પરિવારનું તર્પણ સ્વીકારે છે.

શ્રાધ્ધ એટલે આપણા પૂર્વજો માટેનો પ્રેમનો દિવસ. પૂર્વજોની આત્માની શાંતિ માટે પૂજાઓ કરવામાં આવે છે. તેમનું પિંડદાન કરવામાં આવે છે અનો આ દિવસો બધા મનગમતા પકવાન ચડાવે છે. માનવામાં આવે છે કે આ દિવસો પૂર્વજો કાગડાનું રૂપ લઈ પૃથ્વી પર પોતાનું મનપસંદ ભોજન આરોગવા માટે આવે છે.

### કાગવાસ કેમ નંખાય છે?

ઘરોની છત કે બિલ્ડીંગની પાળીઓ પર ખીર, પુરી સહિતના સંપૂર્ણ ભોજનનો થોડો ભાગ શ્રાધ્ધ પક્ષમાં જોવા મળે છે. હિન્દુ ધર્મ પાળતા દરેક પ્રાંત, જ્ઞાતિ કે પેટા ધર્મની વ્યકિત પોતાના પિતૃઓની



તૃપ્તિ માટે શ્રાધ્ધના દિવસોમાં કાગવાસ નાંખે છે. કાગવાસમાં ખીર ધરાવવી અત્યંત મહત્વની છે કેમ કે પિતૃઓ આ સમયે વાયુ સ્વરૂપે ફરતા હોય છે. ઉકળતા દૂધમાં ચોખા ભળતા એક સોડમ ઉત્પન્ન થાય છે જેનાથી પ્રસન્ન થઈને વાયુ તત્ત્વ આકર્ષાય છે અને આ સુગંધથી પિતૃઓને તૃપ્તિ મળે છે. ખીર આ મહિનામાં આરોગ્ય માટે પણ સારી છે. આમ તેનું વૈજ્ઞાનિક મહત્વ પણ છે. કાગડાઓ ભાદરવા મહિનામાં ઈંડા મુકે છે અને તેના બચ્ચાંઓને પોષણરૂપે ખીરનો ખોરાક મળી જાય છે અને કાગડાઓની નવી જનરેશન ઉછરી જાય છે. કાગડાઓ સૃષ્ટિને સ્વચ્છ કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. સાથે તેઓ પીપળા અને વડને ઉગાડવામાં પણ મદદ કરે છે.

શ્રાધ્ધ એક હિંદુ ધર્મની પવિત્ર પૂજા છે. જેમાં પોતાના પિતૃઓની શાંતિની પ્રાર્થના કરવામાં આવે છે અને તેમનો આત્મા મોક્ષ પામે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે. શ્રાધ્ધ માટે ગંગા, યમુના જેવી પવિત્ર નદીઓના તટ પર જઈ પુજા કરે છે.

શ્રાદ્ધ વિશે હરિવંશ પુરાણમાં કહેવામાં આવ્યું છે કે ભીષ્મ પિતામહે યુધિષ્ઠિરને કહ્યું કે જે વ્યકિત શ્રાધ્ધ કરે છે તેનો બાંનો લોકમાં સુખ મળે છે. શ્રાધ્ધથી પ્રસન્ન થઈને પૂર્વજો જેમનો ધર્મ જોઈએ છે તેમનો ધર્મ, જેમને સંતાન જોઈએ છે તેમનો સંતાન અનો જેઓ કલ્યાણ ઈચ્છે છે તેમને કલ્યાણ જેવા ઈચ્છાનુસાર આશીર્વાદ આપે છે.

શ્રાધ્ધ પક્ષમાં રોજ અલગ અલગ તિથિઓમાં શ્રાધ્ધ કરવામાં આવે છે. સ્વજનોની જે મૃત્યુ તિથિ હોય શ્રાધ્ધ પક્ષમાં એ તિથિ પર શ્રાધ્ધ કરવામાં આવે છે. જે સ્વજનોની મૃત્યુ તિથિ પૂર્ણિમા હોય તેનું શ્રાધ્ધ ભાદરવા મહિનાની પૂનમના દિવસે કરવામાં આવે છે. આ રીતે તિથિવાર શ્રાધ્ધ કરવામાં આવે છે.

## ‘ક’ માર્ગ પર નવી બનાવાયેલી પંચચારક હોટેલ લીલાની સામેના ભાગે રોડ પર ભૂવો



ગાંધીનગરના તાજેતરમાં જ રિનોવેટ કરાયેલા ‘ક’ માર્ગ પર બરાબર નવી બનાવાયેલી પંચચારક હોટેલ લીલાની સામેના ભાગે વરસાદી માહોલમાં રોડ પર જ ભૂવો પડવા પામ્યો છે. આ ભૂવાને કારણે અકસ્માત ના સર્જાય તે હેતુથી સ્થાનિક વસાહતીઓ દ્વારા ઈંટો-રોડાં જેવું નાંખીને તેને પુરવા સાથે ઝાડની ડાળીઓ વગેરે ભરાવી વાહનચાલકોનું ધ્યાન ખેંચાય તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે પરંતુ સતત ૨૪ કલાક વાહન વ્યવહારથી ધમધમતા રહેતા આ રોડ પર રાત્રિના સમયે આ ભૂવો જીવલેણ સાબિત થઈ શકે છે. વળી તાજેતરમાં જ ‘ક’ માર્ગનું નવીનીકરણ કરાયું હોવા છતાં તેના પર ભૂવો પડવાથી કામગીરી કેટલી નબળી કક્ષાની કરવામાં આવી છે તે અંગે સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બન્યું છે.



## લેકાવાડા ગામમાં લાઈબ્રેરીનું ઉદઘાટન

ગાંધીનગર, તા.૧૯

લેકાવાડા ગામ ખાતે ડિસ્ટ્રીકટ મિનરલ ફાઉનડેશનના ફંડમાંથી નિર્મિત પામેલ લાઈબ્રેરીનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જે ધારાસભ્ય શંભુજી ઠાકોર તથા ગામના સરપંચ પારૂલબેન અમરબિંદુ વાઘેલાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



વરસાદી વાતાવરણમાં ગઈ કાલે પવન સાથે વરસાદ વરસ્યો હતો જેમાં નાના ‘ગ’ રોડ ઉપર વૃક્ષ ધરાશાયી થઈ ગયું છે. જેનાથી વાહનચાલકોને અવરજવર માટે મુશ્કેલીઓ પડી રહી છે.

## વાવોલ વોર્ડ નં.૭ ભાજપના ઉમેદવારોનો ચૂંટણી પ્રચાર

ગાંધીનગર, તા.૧૯

વાવોલ વોર્ડ નં.૭ ભાજપના ઉમેદવાર શૈલેષભાઈ વિઠ્ઠલભાઈ પટેલ દ્વારા વાવોલ તથા કોલવડા ખાતે ડોર ટુ ડોર ચૂંટણી પ્રચાર કરવામાં આવ્યો હતો. જેમાં વોર્ડ નં.૭ના રહીશોએ ફૂલહાર અને તિલક લગાવીનો ભાજપ ઉમેદવારોને આવકાર્યા હતા.





શ્રી સાર્વજનિક ગણેશોત્સવ અંતર્ગત ચિત્રસ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગ્રુપ બીમાં મીલી શાહે તૃતીય વિજેતાનું ઈનામ સમિતિના પ્રમુખ નિશિત વ્યાસ તરફથી મેળવ્યું હતું. ઉલ્લેખનીય છે કે મીલી ચિત્રકાર ઉપરાંત ગિટારિસ્ટ પણ છે અને કરાઓકે ગ્રુપ સથે સ્ટેજ પર સીંગર તરીકે ગીતો પણ પ્રસ્તુત કરે છે.

## જાયન્ટસ ગ્રુપ દ્વારા શોભાસણ ગામે નિ:શુલ્ક આઈ ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

જાયન્ટસ વીક તથા જાયન્ટ ગોલ્ડન જયુબલી વર્ષની ઉજવણી રૂપે શોભાસણ ગામે આઈ ચેકઅપ તથા મફત ચશ્મા વિતરણનો કેમ્પ યોજાયો હતો. જેમાં ગામના ૩૦૫ ગ્રામજનોએ આંખની ચકાસણી કરાવી હતી. જેમાંથી ૨૫૩ લોકોને નંબરના ચશ્માનું વિતરણ કર્યું હતું. આ કેમ્પમાં ડૉ. ભીખાભાઈએ સેવા આપી હતી. આ સોવાકીય કાર્યક્રમમાં જા.વે.ફા.ના બી.એમ. પટેલ, ઉ.પ્ર. સાંકાભાઈ પટેલ, ડી.ટી. પટેલ, નટુભાઈ પટેલ, નવિનભાઈ પટેલ, મેઈન ગ્રુપના પ્રમુખ વિકેશ પટેલ, સાહેલી પૂર્વ પ્રમુખ ગાયત્રી પટેલ, સાહેલી ગ્રુપના પ્રમુખ સ્નેહા પટેલે હાજરી આપી હતી.

## જન્મદિને વધામણી



કાંતિભાઈ એમ શર્મા
ફોટોગ્રાફર, ફિલાટેલિસ્ટ
મો. ૯૪૨૬૬ ૨૪૪૯૧



લીનાબેન દેસાઈ
લાયોનેસ કલબ



ખુશી એસ પટેલ



અયાન નિશાંત ઠાકર
મો. ૯૯૯૮૭ ૨૭૭૫૭



દીપાબેન મૌલિકકુમાર શાહ



દિવ્યરાજસિંહ પ્રકાશસિંહ વાઘેલા
મો. ૯૮૨૪૩ ૭૫૦૫૩



નવ્યા એચ ગોર

# વસ્તી સાથે સમસ્યાઓમાં પણ વૈવિધ્ય ધરાવતું સતત ધબકતું સેકટર-૨૪

## સૌથી વધુ નાના અને મધ્યમ વેપારધંધાથી વિકસેલા સે-૨૪માં પાર્કિંગથી માંડીને પેવર બ્લોકની સુવિધામાં સમસ્યા : શહેરમાં કિફાયતી ભાવના સૌથી મોટા શાકમાર્કેટમાં સુવિધાના નામે મીંડુ : સ્ટ્રીટલાઈટથી માંડીને ગટર ઉભરાવવાની સમસ્યા ઉકેલવામાં આડે આવતી સ્થાનિક રાજકીય ટાંટીયાંખેંચ





ગાંધીનગર, તા.૧૯

આપણો દેશ જેમ વૈવિધતાઓથી ભરપૂર છે તેજ રીતે આપણું પાટનગર પણ રાજયના ખૂણે ખૂણેથી તેમજ દેશના અનેક પ્રાંતોમાંથી અહીં આવીને વસેલા નાગરિકોના કારણે વૈવિધ્યસભર શહેર તરીકે વિકસ્યું છે અને પાટનગરમાં પણ જો સૌથી વધુ વિવિધતા જોવી હોય તો તે સેકટર-૨૪માં આસાનીથી જોવા મળી જાય છે. સ્થાનિક અને પરપ્રાંતિય નાગરિકોની સહિયારી વસ્તી ધરાવતું સેકટર-૨૪ શહેરનું કદાચ સૌથી વધુ ગીચ વસ્તી ધરાવતું સેકટર છે અને આ સેકટરમાં કદાચ શહેરમાં સૌથી વધુ નાના અને મધ્યમ વેપાર ધંધા વિકસેલાં જોવા મળે છે. શાકભાજીથી માંડીને સીઝનેબલ ચીજવસ્તુઓ સહિતના લગભગ તમામ વેપાર ધંધા માટે જાણીતા આ સેકટરમાં મધ્યમ અને નિમ્ન મધ્યમ વર્ગીય પરિવારો સાથે ગેરકાયદેસર રીતે વિકસેલી ઝુંપડપટ્ટીની વસાહતો પણ જોવા મળે છે. આ સાથે જ સેકટર-૨૪માં વિવિધ સ્થાનિક સમસ્યાઓ પણ અહીંના વસાહતીઓ જેટલું જ વૈવિધ્ય ધરાવે છે.

અન્ય સેકટરોની જેમ એ, બી, સી કે ડી જેવા વિભાગોના બદલે લાલ પટ્ટો, પીળો પટ્ટો, ડબલ ડેકર જેવા લોકમુખે ચડેલા અવનવા નામો ધરાવતા સેકટર-૨૪માં રહણાંક વિસ્તારમાં દબાણો તથા કોમર્શિયલ પ્રવૃત્તિનો વિકાસ ખૂબ જ મોટા પ્રમાણમાં જોવા મળે છે અને આ સ્થિતિને વસાહતીઓએ જાણે આત્મસાત કરી લીધી હોય તે રીતે સહજ બની જવા પામી છે, પરંતુ આ કારણે સેકટરમાં પાર્કિંગની સમસ્યા સૌથી મોટો માથાનો દુ:ખાવો બની છે ગીચ વસ્તીના કારણે વાહનોની ભરમાર જોવા મળે છે પરંતુ વસાહતીઓને તેમના ફોર વ્હિલર્સ સેકટરના કોમન ચોક કે સેકટર ફરતેના મુખ્ય માર્ગો પર જ પાર્ક કરવા પડે છે. હાઉસિંગ બોર્ડની વસાહતો હરસિધ્ધનગર જે તેની બનાવટને કારણે ‘ડબલ ડેકર’થી ઓળખાય છે અને શ્રીનગર સોસાયટી જેને ‘સિંગલ્યા’ તરીકે ઓળખવામાં આવે છે, આ વસાહતોમાં ગટરો ઉભરાવાની સમસ્યા, ગંદકી અને નિયમિત સફાઈનો અભાવ સતાવી રહ્યો છે. એક તરફ ગાંધીનગરમાં ૧૮ ગામોનો સમાવેશ કરી દેવાયો છે જયારે અહીં ‘શ્રીનગર સોસાયટીની ઉભરાતી ગટરોની સમસ્યા તો હાઉસિંગ બોર્ડની છે, તે અમારામાં નથી આવતી’ જેવા જવાબ ‘સુવિધા’ કચેરી દ્વારા ધરાર આપવામાં આવે છે, જયારે હકીકત એ છે કે હાઉસીંગ બોર્ડ દ્વારા તો તેની જવાબદારી કયારનીય છોડી દેવામાં આવી છે અને આ સ્થિતિમાં સ્થાનિક વસાહતીઓ પરેશાનીનો ભોગ બની રહ્યાં છે, વળી આ વસાહતમાં આંતરિક માર્ગો પર પેવર બ્લોક નાંખવાની કામગીરી તંત્ર દ્વારા આશ્ચર્યજનક રીતે અડધી પડધી કરવામાં આવી છે. જેના કારણે જયાં પેવર બ્લોક નથી નંખાયા ત્યાં વરસાદી પાણીનો ભરાવો અને ગંદકી સાથે રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવ સતાવી રહ્યો છે. આ બંને વસાહતોમાં સોલાર સ્ટ્રીટલાઈટ પણ નિષ્ફળ નીવડી હોય તેમ સંખ્યાબંધ સ્ટ્રીટલાઈટો લાંબા સમયથી બંધ હોવાને કારણે રાત્રિના સમયે અંધારપટ છવાઈ જાય છે.

શહેરમાં સેકટર-૨૧ પછી સૌથી મોટું રીટેલ શાકમાર્કેટ ધરાવતા સે-૨૪માં કિફાયતી ભાવે શાકભાજી અને ફળફળાદિની ખરીદી માટે ગૃહિણીઓનું પસંદગીનું સ્થળ છે. દરરોજ સાંજના સમયે અહીં મેળા જેવો માહોલ સર્જાય છે પરંતુ આંતરિક ટાંટીયા ખેંચ અને પક્ષપલટાથી માંડીને ક્રોસ વોટીંગ કે ખરા સમયે ‘ગુમ’ થઈ જવામાં માહેર અહીંના સ્થાનિક રાજકારણીઓ હજુ પણ અહીંના સેકટરના શાકમાર્કેટમાં પેવર બ્લોક નંખાવી નથી શકયાં કે શાકભાજીના વેપારીઓની જગ્યા ફાળવવાની માંગને સંતોષી નથી શકયા. એનાથી વિપરીત સે-૨૪ના શાકભાજીના હોલસેલમાર્કેટને આલમપુર ખાતે ખસેડી દેવામાં આવ્યું હોવા છતાં તેના મોટા વેપારીઓ જુનામાર્કેટનો કબજો છોડતા નથી અને તંત્ર પણ તેની સામે શંકાસ્પદ રીતે આંખ આડા કાન કરી રહ્યું છે. રીટેલ શાક માર્કેટના વેપારીઓ દ્વારા લગભગ બારેક વર્ષથી પેવર બ્લોક ઉપરાંત માર્કેટમાં ઘુસી આવતી ગાયો અને બહારના વેપારીઓની સુરક્ષા માટે તાર ફેન્સિંગ કરી જગ્યા ફાળવણીની માંગ કરાયેલી છે પરંતુ તે કયારે સંતોષાશે તેનો જવાબ સ્થનિક નેતાઓ પાસે નથી.

પરપ્રાંતિયોમાં રાજસ્થાન સમાજની સૌથી મોટી વસતી સાથે સે-૨૪માં મરાઠી, બંગાળી અને દક્ષિણ ભારતીયોની વસ્તી ઉપરાંત ધાર્મિક વૈવિધ્ય પણ જોવા મળે છે. અહીં કટલરીથી માંડીને મોબાઈલ સુધીની દરેક ચીજવસ્તુના કિફાયતી માર્કેટ વિકસ્યા છે. અને ખૂણે ખાંચરે નાની મોટી દુકાનો અને લારી ગલ્લા ઉપરાંત જવેલર્સનો ધંધો કરતા વેપારીઓ પણ મોટી સંખ્યામાં છે. આ સાથે સેકટરમાં ઈન્દિરાનગર જેવી વસાહતના દબાણો દિન પ્રતિદિન વધી રહ્યા છે જયાં ગેરકાયદેસર નોનવેજની હાટડીઓ પણ સ્થાનિકો માટે સમસ્યારૂપ બની રહી છે. અહીં અર્બાન હેલ્થ સેન્ટર છે પરંતુ વેકિસનેશનની કામગીરીના કારણે નિયમિત ઓપીડી પર તેની અસર વર્તાઈ રહી છે. સે-૨૪માં નાની મોટી ચોરી ચકારીની સમસ્યા પણ સતત રહે છે પરંતુ સેકટરની કમ્પાઉન્ડ વૉલ કયારે બનશે તે અંગે હજુ પણ મોટી અવઢવ છે. દરેકને ઓટલો અને દરેકને રોટલો રળવાની જગ્યા કરી આપતા સે-૨૪માં સમસ્યાઓના સમાધાન માટે સ્થાનિક રાજકીય નેતાઓમાં તાલમેલ અને વહીવટીતંત્રની ઈચ્છાશકિત વચ્ચે સુમેળ સંધાય તે અત્યંત જરૂરી જણાય છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com









●●●

શહેરમાં કિફાયતી ભાવનું શાકમાર્કેટ સે-૨૪નું છે જયાં આશરે ૩૦૦ જેટલાં સ્થાનિક વેપારીઓ રોટલો રળે છે જેમની સુવિધા જેવી કે શાકમાર્કેટમાં પેવર બ્લોક નાંખી, જગ્યાની ફાળવણી કરાય તથા ફેન્સીંગ કરીને રખડતાં ઢોરોથી સુરક્ષા અપાય તે માટે વર્ષોથી અમે રજુઆતો કરતા આવ્યા છીએ પરંતુ રાજકીય ટાંટીયા ખેંચમાં અમારો વિકાસ અટકેલો છે. અહીં ચુટાયેલા નગરસેવકોએ વાયદા જ કર્યા છે પરંતુ અમારી સમસ્યાઓ ઉકેલવામાં કયારેય રસ લીધો નથી.

**- રમણભાઈ વીરમગામીયા**
**પ્રમુખ, સે-૨૪ શાકમાર્કેટ વેપારી મંડળ**

●●●

સે-૨૪માં હાઉસિંગ બોર્ડની વસાહતોમાં વરસાદી પાણીના નિકાલથી માંડીને ગટર ઉભરાવાની સમસ્યા સતાવી રહી છે, આ ઉપરાંત જાહેર સફાઈમાં લાલીયાવાડી સામે ગંદકીની સમસ્યા વકરી છે. અહીં લાબા સમયથી અસંખ્ય સ્ટ્રીટલાઈટો બંધ છે, લગભગ ૮ વર્ષથી અમે અંધારપટમાં જીવી રહ્યાં છીએ. આ માટે તંત્રએ સર્વે કરીને સત્વરે કામ કરવું જરુરી છે.

**- મેરૂસિંહ ચાવડા**
**ઉપપ્રમુખ, જય અંબે હરસિધ્ધનગર વસાહત સેવા ટ્રસ્ટ**

●●●

સૌથી વધુ પરપ્રાંતિય મતદારો ધરાવતા સે-૨૪માં પરપ્રાંતિયોની સમસ્યાઓ બાબતે ખૂબ આંખ આડા કાન કરવામાં આવે છે. પરપ્રાંતિય બહુમતી વિસ્તારમાં પેવર બ્લોક નાંખવામાં વ્હાલાં દવલાંની નીતિના કારણે હજુ પણ અનેક ઠેકાણે કામ રઝળતું રાખ્યું છે. શ્રીનગરમાં આંતરિક રોડના અયોગ્ય લેવલને કારણે વરસાદી પાણી કંપાઉન્ડમાં ઘુસે છે અને ગટરોની સમસ્યા માટે હાઉસિંગ બોર્ડના નામની ‘ખો’ આપવામાં આવે છે. વળી, અહીંના પરપ્રાંતિયોના બાળકો માટે શહેરમાં એક પણ હિન્દી માધ્યમની સરકારી પ્રાથમિક શાળાની સુવિધા ઉપલબ્ધ નથી.

**- તુલસીભાઈ માલી**
**પ્રમુખ, રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ ગાંધીનગર**

## અમીયાપુર ગામથી જુગાર રમતા ૪ શકુની ઝડપાયા

ગાંધીનગરના અમીયાપુર ગામે જુગાર રમતા ૪ શકુનીઓને અડાલજ પોલીસે ઝડપી પાડયા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૦,૧૫૦નો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે જુગારધારાનો ગુનો નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના પી.આઈ. ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે સમયે કોન્સ્ટેબલ મિલનકુમારને ખાનગી રાહે બાતમી મળી હતી કે અમિયાપુર ગામ કોઠીવાળા વાસ ખાતે કેટલાંક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ રેડ પાડતા જુગાર રમી રહેલા ભાવેશ રમણજી ઠાકોર, મહેન્દ્ર ચંદુજી ઠાકોર, વિષ્ણુજી પ્રહલાદજી ઠાકોર, વલ્કેશજી દિલિપજી ઠાકોર (રહે. તમામ અમીયાપુર ગામ)ને રોકડ રૂ. ૧૦,૧૫૦ મુદ્દામાલ સામે પકડી પાડી તમામ જુગારીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.